CMYK

Postign at SURAT RMS on Every Friday
Postal Regd. No. SRT-766/2017 to 2019
RNI. GUJGUJ/2013/52372

To

# પોલાદ ગુજરાત

POLAD GUJARAT WEEKLY NEWSPAPER SURAT

તંત્રી : ઉત્તમભાઇ બિરહાડે

E-mail : poladgujarat@gmail.com
Website: www.poladgujarat.com

સહતંત્રી : અશોકભાઇ એમ. સોલંકી

● વર્ષ- ૧૦ ● અંક-૦૫ ● માલિક-મુદ્રક-પ્રકાશક : ઉત્તમ નારાયણ બિરહાડે ● વિક્રમ સંવત : ૨૦૭૮ ભાદરવા વદ-૧૨, ગુરૂવાર ૨૨ સપ્ટેમ્બર-૨૦૨૨ ● પાના-૪ ● કિંમત :રૂ. ૨ ●મો. ૯૪૨૬૨ ૨૨૨૬૧ ફેક્સ : ૦૨૬૧-૨૫૨૮૪૫૫
● Year- 10 ● Issue- 05 ● Owner, Publisher, Printer & Editor - UTTAM NARAYAN BIRHADE ● Date: Thursday 22 September-2022 ● Page- 4 ● Rs. 2-00 ● RNI. GUJGUJ/2013/52372

### રાજસ્થાનમાં લમ્પી વાયરસથી ગૌમાતાના મોત થતા

## ભાજપના કાર્યકર્તાઓ દ્વારા સરકાર સામે વિરોધ પ્રદર્શનઃ પોલીસ સાથે ઘર્ષણ



### પોલીસની બેરિકેડિંગ તોડવાનો પ્રયાસ કરતા વોટર કેનનો ઉપયોગ કરાયો

નવી દિલ્હીઃ રાજસ્થાનમાં લમ્પી વાયરસમાં ગૌમાતાના મોત મુદ્દે બબાલ થતા ભાજપના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયુ હતુ.

ભારતમાં વર્તમાન સમયમાં લમ્પી વાયરસ (LSD) બિમારીનો ભયંકર પ્રકોપ જોવા મળી રહ્યો છે. દેશના ૧૮ રાજ્યોમાં આ બિમારીના કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૮૦,૦૦૦થી વધારે જાનવરોના મોત પણ થઈ ચૂક્યા છે. રાજસ્થાન આનાથી સૌથી વધારે પ્રભાવિત છે અને ત્યાં ૬૦,૦૦૦થી વધારે પશુઓના મોત થઈ ચૂક્યા છે.

આને લઈને મંગળવારે રાજધાની જયપુરમાં ભાજપા કાર્યકર્તાઓએ સરકાર વિરૂદ્ધ ભારે વિરોધ પ્રદર્શન કર્યો. આ દરમિયાન પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું.

લમ્પી વાયરસને લઈને સરકાર વિરૂદ્ધ પ્રદર્શન હેઠળ ભાજપા અને રાજસ્થાન વિધાનસભાનો ઘેરાવ કરવાની યોજના બનાવી હતી. આ હેઠલ સેકન્ડોની સંખ્યામાં ભાજપા કાર્યકર્તા પ્રદેશાધ્યક્ષ સતીશ પૂનિયાના નેતૃત્વમાં વિધાનસભા તરફ આગળ વધવા લાગ્યા હતા. જોકે વિધાનસભા જવાના માર્ગ (ગોદામ સર્કિલ) પર પોલીસે બેરિકેટ્સ લગાવીને તેમને રોકી દીધા હતા.

ભાજપા કાર્યકર્તાઓએ પોલીસની બેરિકેડિંગ તોડવાની કોશિશ કરી. પ્રદેશાધ્યક્ષ પૂનિયા પણ આગળ વધવા માટે કાર્યકર્તાઓ સાથે એક બેરિકેડિંગ પર ચઢી ગયા. તેવામાં પોલીસને મજબૂરીમાં કાર્યકર્તાઓને રોકવા માટે વોટર કેનનો ઉપયોગ કરવો પડ્યો. પોલીસની આ કાર્યવાહીમાં અનેક કાર્યકર્તાઓને ઈજા આવવાની પણ સૂચના છે. પોલીસ અને ભાજપના કાર્યકર્તા હજુંપણ સામ-સામે બનેલા છે, પરંતુ કાર્યકર્તાઓને આગળ જવા દેવામાં આવી રહ્યાં નથી.

પોલીસ દ્વારા કાર્યકર્તાઓને રોકવાને લઈને પ્રદેશાધ્યક્ષ પૂનિયાને કોંગ્રેસ પર હુમલો કર્યો છે. તેમને કહ્યું, હાલમાં શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યો છે. ૨૦૨૩માં કોંગ્રેસ પાર્ટીનું પરમાનેન્ટ શ્રાદ્ધ થઈ જશે.

### ડિઝલનો ભાવ વધતા હવે

## દુધ-દહીંના પણ ભાવ વધારવા પડશેઃ મધર ડેરી દ્વારા જાહેરાત કરાતા ગ્રાહકોમાં ચિંતા પ્રસરી

નવી દિલ્હીઃ મધર ડેરી દ્વારા આગામી દિવસોમાં ડિઝલના ભાવમાં વધારો થતા દુધ તથા ડેરી પ્રોડક્ટની વસ્તુઓમાં ભાવ વધારવાની શક્યતા છે.

ડેરી પ્રોડક્ટનો વેપાર કરનારી કંપની મધર ડેરી આગામી કેટલાક મહિનામાં દૂધ-દહીના ભાવ વધારી શકે છે. એવા સંકેત કંપનીના અધિકારી તરફથી આપવામાં આવ્યા છે. મધર ડેરીએ તાજેતરમાં દૂધ-દહી, છાછ વગેરેના ભાવમાં વધારો કર્યો હતો. તેની પાછળ ખર્ચના વધારાનો હવાલો આપવામાં આવ્યો હતો. એમ પણ કહેવામાં આવ્યુ હતુ કે ડીઝલના ભાવ વધતા ખર્ચ વધ્યો છે, જેને કારણે રેટ વધારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. કંપનીનું એમ પણ કહેવુ છે કે દૂધ-દહી જેવી ડેરી પ્રોડક્ટના ભાવમાં વધારાનો ફાયદો તે ખેડૂતોને પણ જાય છે જે મધર ડેરીને પોતાનો માલ વેચે છે. આ સાથે જ મધર ડેરીએ આશા વ્યક્ત કરી છે કે વર્તમાન નાણાકીય વર્ષમાં તેના વેચાણમાં ૨૦ ટકાનો વધારો થઈ શકે છે અને ટર્ન ઓવર ૧૫ હજાર કરોડ રૂપિયા સુધી જઈ શકે છે.

## મહિલાની જાણ બહાર તેના ફોટા પાડવા કે શેર કરવામાં આવે તો ૩ વર્ષની જેલ અને એક લાખના દંડની જોગવાઇ



ચંદીગઢઃ મહિલાઓની જાણ બહાર તેના ફોટા કે શુટીંગ કરાય તો ૩ વર્ષની જેલ અને એક લાખના દંડની જાગવાઈ હોવાનું અલ્હાબાદ હાઈકોર્ટના એડવોકેટે જણાવ્યું છે. ચંદીગઢ

### ચંદીગઢ યુનિવર્સિટીના વીડિયોના સંદર્ભમાં અલ્હાબાદ હાઇકોર્ટના એડવોકેટ દિનેશકુમારસિંહનું તારણ

યુનિવર્સિટીમાં ૧૬ સપ્ટેમ્બરે કેટલીક છોકરીઓનો સ્નાન કરતો વીડિયો વાયરલ થયાનો મામલો સામે આવ્યો હતો. આ ઘટના પછી યૂનિવર્સિટી કેમ્પસમાં સ્ટૂડન્ટે વિરોધ પ્રદર્શન કર્યું. કહેવામાં આવી રહ્યું છે કે, આ ઘટના ઘટ્યા પછી હવે છાત્રાઓમાં ડરનો માહોલ છે અને એનેક વિદ્યાર્થીનીઓને તેમના ઘરે પરત બોલાવવાનું શરૂ થઈ ગયું છે.

આવો જાણીએ કે આવી રીતની એક્ટિવિટીના સંબંધમાં ભારતીય બંધારણમાં શું જોગવાઈ છે. આવું કરનારા અપરાધીઓને કેવી રીતની સજા થઈ શકે છે.

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ (આઈટી એક્ટ-૨૦૦૦)

ભારતીય બંધારણમાં સામેલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ (૯ ખણ્ડ-૨૦૦૦)માં અનેક ધારાઓ છે, જે આવા કેસોમાં ડાયરેક લાગૂ થાય છે. જેમાં પોલીસને હસ્તક્ષેપ કરવાનો અને કાર્યવાહી કરવાનો અધિકાર છે.

### પોલીસને દોષિતો અને ગુનાના આરોપીઓના શારીરિક અને જૈવિક નમૂનાઓ મેળવવાની સત્તાઃ ગૃહ મંત્રાલય

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગળહ મંત્રાલયે સોમવારે ફોજદારી પ્રક્રિયા (ઓળખ) અધિનિયમ ૨૦૨૨ હેઠળ નિયમોને સૂચિત કર્યા, જે પોલીસને દોષિતો અને ગુનાના આરોપીઓના શારીરિક અને જૈવિક નમૂનાઓ મેળવવાની સત્તા આપે છે. આ કાયદા હેઠળ, પોલીસ ગુનાહિત કેસોમાં તપાસ માટે દોષિતો અને કેદીઓના શારીરિક અને જૈવિક નમૂનાઓ લઈ શકશે.

## કેમિકલ ઉદ્યોગમાં કારમી મંદી : નિકાસમાં ૨૫ ટકાનો ઘટાડો

### યુક્રેન અને રશિયા વચ્ચે યુધ્ધ બાદ કેમિકલની નિકાસમાં ઘટાડો નોંધાતા અનેક એકમોને અસર : ડોમેસ્ટિક માર્કેટ સાથે વિદેશોમાં પણ ડિમાન્ડ ઓછી હોવાથી કેટલાક એકમો મુશ્કેલીમાં



નવી દિલ્હીઃ રશિયા અને યૂક્રેન વચ્ચે છેલ્લા છ મહિનાથી ચાલી રહેલા યુદ્ધને લીધે કેમિકલ ઉદ્યોગ પર મોટી અસર પડી છે. રશિયા પર મુકાયેલા પ્રતિબંધને લીધે યુરોપ સહિત દુનિયાના કેટલાક દેશોમાં ઊર્જા સંકટ સર્જાયું છે. જેથી ત્યાં કેટલીક ઈન્ડસ્ટ્રી બંધ થવાની રાહ પર છે. જેની સીધી અસર કેમિકલ ઉદ્યોગ પર પડી છે. વિદેશોમાં ડાઈઝ અને કેમિકલના નિકાસમાં ૨૫ ટકાનો ઘટાડો થયો છે. બીજી બાજુ ભારતમાં પણ ટેક્સ્ટાઈલ, ફાર્મસી, એગ્રીકલ્ચર સહિત તમામ ક્ષેત્રોમાં મંદીના લીધે સ્થાનિક બજારમાં પણ કેમિકલ વેપાર ઘટયો છે. જેથી કેમિકલ ઉદ્યોગમાં હાલ મુશ્કેલીનો દોર છે. મોટા એકમોને પણ નુકસાન ટાળવા માટે યુનિટો બંધ રાખવાની નોબત આવી છે. કેમિકલ ઉદ્યોગનાં સૂત્રો પાસેથી જાણવા મળેલી માહિતી મુજબ સુરત અને દક્ષિણ ગુજરાત સહિત રાજયભરમાં મોટાપાયે કેમિકલ ઉદ્યોગ ફેલાયો છે. સુરત અને દક્ષિણ ગુજરાતના કેમિકલ એકમોમાં ડાઈ અને અલગ-અલગ ઈન્ડસ્ટ્રીમાં વપરાતા કેમિકલ તૈયાર કરવામાં આવે છે. આ કેમિકલ ટેક્સ્ટાઈલ, ફાર્મસી, એગ્રીકલ્ચર સહિત અનેક ઉદ્યોગોમાં વેચવામાં આવે છે.

## મારો જમાઇ ગુજરાતી હતો એટલે મે ગુજરાતીઓને બે ટકા અનામત આપી



### મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન સુશીલકુમાર શિંદેનું સ્ફોટક સ્ટેટમેન્ટ

મુંબઈ,: રાજયના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન સુશીલકુમાર શિંદેએ સોલાપુરમાં ગુજરાતીઓને લઈને એક એવું સ્ફોટક સ્ટેટમેન્ટ કર્યું છે જેનાથી અનેક લોકોનાં ભવાં વંકાયાં છે. તેમણે કહ્યું હતું કે હું મુખ્ય પ્રધાન હતો ત્યારે ગુજરાતી સમાજને બે ટકાની અનામત આપી હતી, કારણ કે મારા જમાઈ ગુજરાતી હતા એટલે મારે એમ કરવું પડ્યું.

સોલાપુરમાં એક સમારંભમાં સુશીલકુમાર શિંદેએ કહ્યું હતું કે 'હું મુખ્ય પ્રધાન હતો ત્યારે મેં ગુજરાતી સમાજને બે ટકા અનામત આપી હતી. એ એક સારું કામ મેં કર્યું હતું, પણ લોકો હવે એ ભૂલી ગયા છે કે સુશીલકુમારે સારું કામ કર્યું હતું. જમાઈને સંભાળવાના હોય તો આવું કરવું પડે. આવું કરવાને કારણે હું ફરીથી ત્યાંથી ચૂંટાઈ આવ્યો. જોકે એ પછી પક્ષે જ મને કાવતરું કરીને મુખ્ય પ્રધાનપદેથી કાઢ્યો અને આંધ્ર પ્રદેશના રાજયપાલ તરીકે મોકલી આપ્યો હતો.

## દિલ્હી સ્પીડમાં આવતી ટ્રકે રોડ પર સૂતેલા ૬ લોકોને કચડી નાંખ્યાઃ ૪ના મોતઃ ૨ ઘાયલ

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં ગત રાતે એક ઝડપી આવી રહેલી ટ્રકે રોડ પર સૂતેલા પાંચ લોકોને કચડી નાંખ્યા હતા. આ પૈકીના ૪ લોકોના મૃત્યુ થયા છે. જયારે બે વ્યકતિની તબિયત ગંભીર હોવાનું કહેવાઈ રહ્યું છે. તેમને સારવાર માટે હોસપિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઝડપી આવી રહેલ એક ટ્રકે રોડ પર સૂઈ રહેલા લોકોને કચડી નાંખ્યા હતા. આ પૈકીના ચાર લોકોનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જયારે બેની હાલ સારવાર ચાલી રહી છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ દુર્ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકોના શબને કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. અકસ્માત પછી ડ્રાઈવર ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. પોલીસની ટીમ હાલ મામલાની તપાસ કરી રહી છે. આ ઘટના રાતે ૨ વાગ્યાની છે. દિલ્હી પોલીસે મૃતકોની ઓળખ કરી લીધી છે. જે મુજબ આ દુર્ઘટનામાં ૫૨ વર્ષના કરીમ, ૨૫ વર્ષના છોટે ખાન, ૩૮ વર્ષના શાહ આલમ અને ૪૫ વર્ષના રાહુલનું મૃત્યુ થયું છે.

### અકસ્માત પછી ડ્રાઈવર ઘટના સ્થળેથી ભાગી ગયો

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીને બદલાઈ તેવી ચર્ચા : મહિલાને સીએમપદનો તાજ પહેરાવાશે



### ૨૦૨૪માં ઉત્તરાખંડમાં નુકસાન ખાળવા માટે ભાજપ હાઈકમાન્ડ દ્વારા મુખ્યમંત્રી બદલવામાં આવે તેવી ચર્ચાઓએ જોર પકડયું

ઉત્તરાખંડમાં પુષ્કરસિંહ ધામી નબળા પડતા હોવાની ચર્ચા વચ્ચે ૨૦૨૪માં ઉત્તરાખંડમાં નુકસાન ખાળવા માટે ભાજપ હાઈકમાન્ડ દ્વારા મુખ્યમંત્રી બદલાય તેવી ચર્ચાઓએ જોર પકડયું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીને બદલવામાં આવે તેવી શકયતાઓની ચર્ચાઓ શરૂ થઈ છે. શિક્ષક બહાલીથી લઈને સરકારી નોકરીઓમાં થયેલી ભરતીઓની ગડબડ સહીતની અન્ય કેટલીક ગેરરીતિને લઈને ચર્ચાઓ વચ્ચે ઉત્તરાખંડ ભાજપના ઘણાં નેતાઓ તેમની વિરુદ્ધ થઈ ગયા છે. આ સિવાય પુષ્કરસિંહ ધામીની પ્રદેશ ભાજપ અને ધારાસભ્યો પર સારી પકડ નથી. તેના કારણે ૨૦૨૪માં ભાજપને ઉત્તરાખંડમાં નુકસાન ઉઠાવવું પડે તેવો અંદેશો છે

# ડાંગ જિલ્લા વન વિભાગમાં ફરજ બજાવતા રોજમદારોના પ્રશ્નો ઉકેલવા ગુજરાત વન શ્રમયોગી સંઘ દ્વારા આવેદનપત્ર અપાયું



આહવા : સમગ્ર ગુજરાતના વન વિભાગમાં કામ કરતા રોજમદારોનુ ગુજરાત વન શ્રમયોગી સંઘે નાં નામે યુનિયન કાર્યરત કરવામાં આવેલ છે. જે રજીસ્ટેડ ટ્રેડ . યુનિયન છે અને તે સમગ્ર ગુજરાતના રોજમદારો થકી કાર્યરત છે આમ ગુજરાત રાજયનાં વન વિભાગમાં અગલ અગલ જગ્યાએ કામ કરતા રોજમદારોને સરકારશ્રીમાંથી ઠરાવ તથા પરીપત્ર બહાર પાડવામાં આવેલ છે તેમ છતાં, ઠરાવમા જણાવ્યા મુજબ પુરે પુરા લાભ આપવામાં આવતા નથી તો આપ સાહેબને અમારી નમ્ર વિનંતી છે કે આપના તરફથી યોગ્ય અને ચોક્કસ ભલામણ કરીને સમગ્ર ગુજરાતનાં વન વિભાગમાં કામ કરતા રોજમદારોનાં પરિવારોને ન્યાય આપવવા આવેદનપત્રમાં જણાવેલ છે,

માંગણીઓ આ મુજબ જણાવેલ છે.

(૧) સરકારશ્રીના અન્ય વિભાગના રોજમદારોને સાતમું પગાર પંચનો અમલ કરી પગાર ચુકવણી કરવામાં આવે છે પરંતુ આજ દિન સુધી વન વિભાગના રોજમદારોને સાતમું પગાર પંચનો અમલ કરવામાં આવેલ નથી જેનો તાત્કાલીક અમલ કરી અમોને લાભ આપવા વિનંતી છે.

(૨) તાઃ૨૫/૦૨/૨૦૧૫ ના પરિપત્ર મુજબ અનં.૧૦ માં રોજમદારોને તિજોરી મારફત પગારની ચુકવણી કરવા જણાવવામાં આવેલ છે. જેનો અમલ આજ દિન સુધી કરવામાં આવેલ નથી. જે તાત્કાલિક ધોરણે પરીપત્ર મુજબ ટ્રેઝરી પગાર ચુકવવા વિનંતી.

(૩) વન વિભાગના રોજમદારોને સુપ્રીમકોર્ટના તા.૧૫/૦૨/૨૦૧૯ના આદેશનુ પાલન કરીને જે રોજમદારો ૧૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેમણે સરકારશ્રીના તા.૨૧/૦૬/૨૦૧૯ના ઠરાવ મુજબ કુશળ ગણીને ૧૯૦૦ ગ્રેડ પે આપવો તથા ગુજરાતના કેટલાય ડિવીઝનમાં ૧૯૦૦/- ગ્રેડ પેની ફાઈલોને પેન્ડિંગ રાખવામાં આવે છે તો તેનુ નિરાકરણ લાવવા માંગ કરેલ છે,

## દિવ્યાંગ કલ્યાણ પારિતોષિક માટે અરજી કરવાની સમયમર્યાદા

# તા.૧૯મી ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે : સુરત રોજગાર કચેરી ખાતે અરજી સ્વીકારવામાં આવશે

સુરત : વર્ષ ૨૦૨૨ માટે રાષ્ટ્રીય અને રાજયકક્ષાના દિવ્યાંગ પારિતોષિકો મેળવવા માટે શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ/સ્વરોજગાર કરતા શ્રેષ્ઠ દિવ્યાંગો, દિવ્યાંગ કર્મચારીઓને નોકરીમાં રાખનાર નોકરીદાતાઓ, નોકરી અપાવવામાં મદદરૂપ થનાર પ્લેસમેન્ટ ઓફિસરો; આ ત્રણ કેટેગરીમાં અરજી કરવાની સમયમર્યાદા વધુ એક માસ એટલે કે તા.૧૯મી ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. જે માટે નિયમ નમુનામાં ફોર્મ ભરીને અરજી સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, છેલ્લા ત્રણ માસની અંદરનું ૪૦ કે તેથી વધુ દિવ્યાંગતા અંગેનું દાકતરી પ્રમાણપત્ર, પોલીસ વેરિફિકેશન અને અન્ય સંબંધિત તમામ પ્રમાણપત્ર, ખોડ દર્શાવતા પોસ્ટકાર્ડ સાઈઝના ફોટો જેવા ડોકયુમેન્ટસ બીડાણમાં સામેલ કરી ત્રણ નકલમાં તા.૧૯/૧૦/૨૦૨૨ સુધીમાં મદદનીશ નિયામક (રોજગાર) કચેરી-સુરત, સી-બ્લોક, પાંચમો માળ, બહુમાળી ભવન, નાનપુરા ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવું. અધુરી વિગતવાળી અને નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ સ્વીકારાશે નહિ.

જરૂરી ફોર્મ વેબસાઈટ www.talimrojgargujarat.gov.in પરથી મેળવી શકાશે અથવા મદદનીશ નિયામક (રોજગાર) કચેરી,સુરત ખાતેથી તા.૧૯/૧૦/૨૦૨૨ સુધીમાં વિનામૂલ્યે મેળવી શકાશે. વધુ માહિતી માટે રોજગાર કચેરી-સુરતનો સંપર્ક કરવા મદદનીશ નિયામક(રોજગાર) કચેરી-સુરતની યાદીમાં જણાવાયું છે.

# રમત-ગમત વિભાગની 'જિલ્લા કક્ષા બાળ પ્રતિભાશોધ સ્પર્ધા'માં ભાગ લેવાની સુવર્ણ તક

## તા.૩૦મી સપ્ટે.સુધીમાં ૭ થી ૧૩ વર્ષની વયના બાળસ્પર્ધકો ફોર્મ ભરી શકશે

સુરત : રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પ્રેરિત અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી-ગાંધીનગરના નેજા હેઠળ જિલ્લા યુવા વિકાસ અધિકારી- સુરત સંચાલિત બાળ પ્રતિભાશોધ સ્પર્ધામાં ૭ થી ૧૩ વર્ષની વયના બાળકો માટે ભાગ લેવાની સુવર્ણ તક છે. જેમાં તા.૩૦-૦૯-૨૦૨૨ સુધી ફોર્મ ભરી શકાશે. આ સ્પર્ધામાં વિભાગ-'અ'માં ૭ વર્ષથી ઉપરના ૧૦ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. વિભાગ-'બ' માં ૧૦ વર્ષથી ઉપરના અને ૧૩ વર્ષ સુધીના બાળકો, જયારે ખુલ્લા વિભાગમાં ૦૭ વર્ષથી ઉપરના અને ૧૩ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. વિભાગ-અ તથા વિભાગ-બ માં વકતૃત્વ સ્પર્ધા, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, એકપાત્રીય અભિનય, નિબંધ, લગ્નગીત, લોકવાદ્ય સંગીત ઉપરાંત, ખુલ્લા વિભાગમાં લોકવાર્તા, લોકગીત. ભજન, દોહા-છંદ-ચોપાઈ, સમૂહગીત, લોકનૃત્ય એમ એ વિભાગની કુલ-૦૭, 'બે વિભાગની કુલ ૦૭ અને ખુલ્લા વિભાગની કુલ-૦૬ મળી કુલ-૨૦ કૃતિનો સમાવેશ થાય છે.

આ સ્પર્ધાનું નિયત નમૂનાનું ફોર્મ ભરીને તા.૩૦ સપ્ટે.-બપોરે ૧૨ઃ૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, પ્રથમ માળ, જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, બહુમાળી ભવન, નાનપુર ખાતે જમા કરાવવાનું રહેશે એમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયુ છે.

# નાસતા ફરતા આરોપી આસુતોષ લાલજી ઠક્કરને તા.૨૩મી સપ્ટે.એ અદાલત સમક્ષ હાજર થવા ફરમાન



સુરત : જ્યુ.મેજિસ્ટ્રેટ.ફ.ક.(મ્યુનિસિપલ કોર્ટ)સુરતના જણાવ્યાનુસાર આસુતોષ લાલજી ઠક્કર (રહેં.ભાગ્યોદય એપાર્ટમેન્ટ, ત્રીજા માળે, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, કુબેરનગર-૧, કતારગામ, સુરત) વિરુદ્ધ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં કલમ-૧૯૩ હેઠળ સજાપાત્ર ગુનો દાખલ થયો છે. જ્યુ.મેજિસ્ટ્રેટ.ફ.ક.(મ્યુનિસિપલ કોર્ટ) દ્વારા તેના વિરુદ્ધ ધરપકડ વોરંટ નીકળેલ હોય, પરંતુ આરોપી વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરે છે. જેથી જ્યુ.મેજિસ્ટ્રેટની કોર્ટના જજશ્રી કે.એમ.રાઠોડે એક જાહેરનામા દ્વારા આરોપી આસુતોષને ફરિયાદનો જવાબ આપવા તા.૨૩/૯/૨૦૨૨ના રોજ જ્યુ. મેજિસ્ટ્રેટ.ફ.ક. (મ્યુનિસિપલ કોર્ટ)સુરત રૂમ નં.-૨૪, ત્રીજો માળ, એફ.ટી.સી.કોર્ટ બિલ્ડીંગ, જિલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત સમક્ષ હાજર થવા ફરમાન કરવામાં આવ્યું છે.

## '૩૬મી નેશનલ ગેમ્સ-સુરત'

# કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મહિલા સિંગલ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી અહિકા મુખર્જી



**નેશનલ ગેમ્સમાં રમવું એ કોઈપણ ખેલાડી માટે ગૌરવ-દ ક્ષણ હોય છેઃ અહિકા મુખર્જી : પાંચ વર્ષની ઉંમરે જ માતા-પિતાએ ટેબલ ટેનિસ ખેલાડી બનવાની પ્રેરણા આપીં સખત મહેનતથી સફળતા પ્રાપ્ત થઈ અહિકા મુખર્જી**

સુરત : ગુજરાતમાં આયોજિત ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત સુરતના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમમાં તા.૨૦મી સપ્ટે.થી ટેબલ ટેનિસ સ્પર્ધાથી નેશનલ ગેમ્સનો પ્રારંભ થયો છે, જેમાં કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મહિલા સિંગલ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી અહિકા મુખર્જી ગોલ્ડ જીતવા આશાવાદી છે.

પશ્ચિમ બંગાળની અહિકા મુખર્જીએ સ્પર્ધા અગાઉ જણાવ્યું કે, ગુજરાતની નેશનલ ગેમ્સ એ મારી કારકિર્દીની પ્રથમ નેશનલ ગેમ્સ છે. કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની ૨૧મી આવૃત્તિની મહિલા સિંગલ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી પ્રથમ ભારતીય મહિલા બની હતી, જે મારા માટે ઐતિહાસિક ક્ષણ બની હતી, એવી જ રીતે નેશનલ ગેમ્સમાં સુરતની ધરતી પર વિજેતા બની ઈતિહાસ રચવા આતુર છું.

વધુમાં તેમણે જણાવ્યું કે, નાનપણથી જ માતા-પિતા અને પરિવારજનો પાસેથી તેમજ સોશ્યલ મીડિયાના માધ્યમથી સુરત શહેર વિશે ઘણું જાણ્યું છે. સુરતવાસીઓના ઉષ્માભર્યા સ્વાગતથી આતિથ્યભાવનાનો પ્રત્યક્ષ અનુભવ થયો. નેશનલ ગેમ્સમાં રમવું એ કોઈપણ ખેલાડી માટે ગૌરવપ્રદ ક્ષણ હોય છે. અલગ અલગ પ્રદેશ, અલગ-અલગ રહેણીકરણી, સંસ્કૃતિના લોકોને મળવાનો મોકો મળ્યો છે. અહીં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા પ્રતિભાવાન ખેલાડીઓ સાથે હરિફાઈ કરવાનો મોકો મળશે. જે મારા આત્મવિશ્વાસમાં વધારો કરવામાં ઉપયોગી બન્યા છે, હું નેશનલ ગેમ્સ સહિત આગામી સમયમાં યોજાનાર મેજર સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં સમતોલ પ્રદર્શન કરીશ એવો મને વિશ્વાસ છે.'

અહિકા મુખર્જીએ પોતાની કારકિર્દી વિશે જણાવ્યું હતું કે, પ.બંગાળની યુવતીઓ ડાન્સિંગ, સિંગીગ જેવા કલાક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું વધુ પસંદ કરે છે, પરંતુ મારા માતા-પિતાનું સપનુ હતું કે, હું અન્ય કરતા કંઈક અલગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવું. જેથી મને પાંચ વર્ષની ઉંમરે ટેબલ ટેનિસ રમવાની પ્રેરણા આપી અને આ રમતમાં રસ લેતી કરી. સતત પ્રેક્ટિસ અને સખત મહેનતથી ધીરે-ધીરે સફળતા મળતી ગઈ.

આવનારા સમયમાં દેશ માટે જે કોઈ સ્પોર્ટ્સ ઈવેન્ટમાં રમવાનો મોકો મળશે તો તેમાં વિજેતા બની દેશનું ગૌરવ વધારવાનું હંમેશા ધ્યેય રાખ્યું છે એમ અહિકાએ ઉમેર્યું હતું.

# હાલ ભારતીય ટેબલ ટેનિસનો સ્વર્ણિમ કાળઃ ભારત હવે વિશ્વ ટેબલ ટેનિસમાં એક મોટી તાકાતરૂપે ઉભરી રહ્યું છે : જી.સાથિયાન



**નેશનલ ગેમ્સ યુવાનોને પોતાના કૌશલ્ય પરીક્ષણ અને દબાણમાં સ્વયંને પરખવાનું ઉત્તમ પ્લેટફોર્મ છે : જી. સાથિયાન : સુરતમાં નેશનલ ગેમ્સમાં ભાગ લેવા આવેલા ટેબલ ટેનિસમાં ૩૭મુ વર્લ્ડ રેન્કિંગ ધરાવતા ખેલાડી જી. સાથિયાનની તનતોડ પ્રેક્ટિસ**

સુરત : સુરતમાં નેશનલ ગેમ્સમાં ભાગ લેવા આવેલા ટેબલ ટેનિસમાં ૩૭મુ વર્લ્ડ રેન્કિંગ ધરાવતા ખેલાડી જી. સાથિયાન નેશનલ ગેમ્સમાં ભાગ લેવાની તક મળી એ માટે પોતાની જાતને બડભાગી માને છે. 'મને લાગે છે કે આ ભારતીય ટેબલ ટેનિસનો સુવર્ણ યુગ છે, અને આખો દેશ આ સ્વર્ણિમ કાળનો આનંદ માણી રહ્યો છે. ભારત હવે વિશ્વ ટેબલ ટેનિસમાં એક મોટી તાકાતરૂપે ઉભરી રહ્યું છે.'એમ જી. સાથિયાન જણાવે છે. કેરળમાં આયોજિત ગત નેશનલ ગેમ્સમાં સાથિયાન તામિલનાડુની પુરૂષ ટીમમાં સામેલ હતા, અને એ સમયે ગોલ્ડ મેડલ જીત્યો હતો. હવે આગામી સમયમાં ચીનના ચેંગડુમાં યોજાનાર વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા જશે. માટે રવાના થતા પહેલા વ્યક્તિગત ઈવેન્ટમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવા માંગે છે. સાથિયાન કહે છે કે, આપણે પુરૂષ, મહિલા, જુનિયર, સબ-જુનિયર ઉપરાંત કેડેટ કક્ષા એમ દરેક શ્રેણીમાં મેડળો જીતી રહ્યા છીએ. આંતરરાષ્ટ્રીય મંચ પર શરથ કમલ અને મનિકા બત્રાની સાથે મેડલ જીતીને યાદગાર પદાર્પણ કરનાર આ ૨૯ વર્ષીય ખેલાડીએ સ્ટાર ખેલાડીઓમાં ઘણી ક્ષમતા અને આત્મવિશ્વાસ દેખાઈ રહ્યો છે. રમતને સતત સુધારતા અને સખત પ્રેક્ટિસથી ટેબલ ટેનિસને નિખારવામાં આપણા ખેલાડીઓ સૌથી ચડિયાતા હોવાનો મત તેઓ વ્યક્ત કરે છે. સાથિયાને કહ્યું કે, 'ટેબલ ટેનિસ છેલ્લા સાત વર્ષમાં સંપૂર્ણપણે નવી રમતમાં પરિવર્તિત થઈ છે. હાલ આ રમત દેશભરની શ્રેષ્ઠ રમતોમાંની એક છે.' ટેબલ ટેનિસને બહેતર બનાવવામાં નેશનલ ગેમ્સની ભૂમિકા પર પ્રતિભાવ આપતા સાથિયાને જણાવ્યું કે, 'વર્ષ ૨૦૧૫માં આયોજિત નેશનલ ગેમ્સ દ્વારા મને એ જાણવા માટે એક સરસ પ્લેટફોર્મ પૂરું પાડ્યું કે 'હું ક્યાં ઊભો છું.? અને મારી શું ક્ષમતા છે? જ્યારે તમે મલ્ટી-સ્પોર્ટ ઈવેન્ટમાં સ્પર્ધા કરો છો, ત્યારે તેમાં આપણી ધારણા બહાર ઘણા આયામો બદલાઈ જાય છે અને અનુભવાય છે કે જે પ્રેક્ટિસ કરીએ છે એ રમત અને વાસ્તવિક રમતમાં ઘણું અંતર રહેલું છે. આ વાત સમજાય ત્યારે ઘણું શીખવા મળે છે, જે અમને કોમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ અને ઓલિમ્પિક ગેમ્સ જેવી મોટી ઈવેન્ટ્સમાં મદદરૂપ થાય છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે, નેશનલ ગેમ્સ યુવાનોને પોતાના કૌશલ્ય પરીક્ષણ અને દબાણમાં સ્વયંને પરખવાનું ઉત્તમ પ્લેટફોર્મ છે. આ વર્ષે તમિલનાડુ આઠ ટીમની સ્પર્ધા માટે ક્વોલિફાય થયું નથી, ત્યારે યજમાન ગુજરાત સામેની કઠિન ટક્કરનો રોમાંચ હવે જોવા નહીં મળે. હાલ મજબૂત સ્પર્ધા આપવા તનતોડ પ્રેક્ટિસ કરી રહેલા સાથિયાન વધુમાં જણાવે છે કે, 'નેશનલ ગેમ્સ મારા માટે સરળ નથી, કારણ કે હું સીધો સિંગલ્સ રમી રહ્યો છું. પરંતુ મારી પાસે પરિસ્થિતિને અનુકુળ થવા માટે થોડો સમય છે, જેથી હવે સતત પ્રેક્ટિસ કરીશ આ ગેમ્સમાં મારૂ શ્રેષ્ઠ પ્રદર્શન કરીશ. અને ગુજરાતી ભોજનનો આનંદ પણ લઈશ..'

# વડાપ્રધાનના સુરત લિંબાયતના કાર્યક્રમને પગલે તંત્રની તડામાર તૈયારી




**આખા ગુજરાતમાં સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતભે પાર્ટીને ૨૭ બેઠકો મળ્યા બાદ આગામી વિધાનસભાની ચૂંટણી માટે સુરત કેન્દ્ર સ્થાન બની શકે છે. સુરતના પાટીદાર બહુમતી વાળા વિસ્તારમાં નામ અરબી પાર્ટીનું જોર વધી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરતની મુલાકાત અતિ મહત્વની સાબિત થશે.**

સુરતઃ ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો કાઉનડાઉન શરૂ થઈ રહ્યું છે તે પહેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૯ સપ્ટેમ્બર આવશે. સુરતના લીંબાયત નીલગીરી ખાતેના કાર્યક્રમને પગલે પાલિકા તંત્ર દ્વારા તળાવ તૈયારી શરૂ કરવામાં આવી છે. આખા ગુજરાતમાં સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતભે પાર્ટીને ૨૭ બેઠકો મળ્યા બાદ આગામી વિધાનસભાની ચૂંટણી માટે સુરત કેન્દ્ર સ્થાન બની શકે છે. સુરતના પાટીદાર બહુમતી વાળા વિસ્તારમાં નામ અરબી પાર્ટીનું જોર વધી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરતની મુલાકાત અતિ મહત્વની સાબિત થશે. સુરતના લિંબાયત નીલગીરી વિસ્તારમાં વડાપ્રધાનની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના કાર્યકરની તળાવ તૈયારી વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. વડાપ્રધાન હેલિકોપ્ટર મારફતે આવે તેમ હોવાથી આસ્તિક સ્કૂલની બાજુમાં હેલીપેડ બનાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. હેલીપેડ થી નીલગીરી ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન આવશે તે માટે આ રોડની કામગીરી પણ તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

### રાષ્ટ્રીય સ્તરના તીરંદાજ

# મુસ્તફા શાકીરે ઈવેન્ટ કાર્નિવલમાં તીરંદાજી સ્પર્ધાનું પ્રતિનિધત્વ કર્યું



**ભગવાન મહાવીર ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તીરંદાજીમાં નિષ્ણાત અતિથિ તરીકે મુસ્તફા શાકીરને આમંત્રિત કરાયા**

સુરત : ૩૬મી નેશનલ નેશનલ ગેમ્સનું યજમાન ગુજરાત બન્યું છે, ત્યારે રાજ્યના કુલ ૬ શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને ગાંધીનગરમાં ૩૬ રમતોનું આયોજન કરાયું છે.

સુરતમાં ગત ૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સવારે ૬ વાગ્યાથી વીઆઈપી કેનાલ પાસે યોજાયેલ ઈવેન્ટ કાર્નિવલમાં શહેરની લગભગ ૩૭ શાળાઓના આશરે ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈવેન્ટ કાર્નિવલ કાર્યક્રમમાં અલ જામીયા તુસ સૈફિયાહ અરેબિક એન્ડ ઈંગ્લિશ એકેડમી (દાઉદી બોહરા)ના મુસ્તફા શાકિરને ભગવાન મહાવીર ઈન્ટરનેશનલ સ્કૂલ, વેસુ, સુરત દ્વારા તીરંદાજીમાં નિષ્ણાત અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતાં. મુસ્તફા શાકિર રાષ્ટ્રીય સ્તરના તીરંદાજ છે તેમણે કાર્યક્રમમાં તીરંદાજી સ્પર્ધાનું પ્રતિનિધિત્વ કર્યુ હતું સાથે જ સ્પર્ધામાં ભાગ લઈ તીરંદાજી કરી હતી.

આ અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર કિશોરસિંહ ચાવડા દ્વારા મુસ્તફા શાકીરને સ્મૃતિચિન્હ રૂપે ટ્રોફી પણ એનાયત કરવામાં આવી હતી.

**નર્મદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર કિશોરસિંહ ચાવડાના હસ્તે મુસ્તફા શાકીરને ટ્રોફી એનાયત કરાઈ**

### સુરતમાં ચાર્જીંગ સ્ટેશન બનાવવાની કામગીરી પુરજોશમાં

# વડાપ્રધાનના હસ્તે ૨૫ ઈ-વ્હીકલ ચાર્જિંગ સ્ટેશનનું થશે લોકાપર્ણ



સુરતઃ આગામી ૨૯ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત આવશે ત્યારે સુરત મ્યુનિ. તંત્ર દ્વારા શહેરના ૨૫ ઈ-વ્હીકલ ચાર્જિંગ સ્ટેશનનું થશે લોકાર્પણ કરશે. વડાપ્રધાનના હસ્તે ચાર્જિંગ સ્ટેશનનું લોકાર્પણ કરવાના હોય પાલિકાએ ચાર્જીંગ સ્ટેશન ની કામગીરી પુરી કરવા માટે ઝડપ કરી દીધી છે. મોટાભાગના ચાર્જીંગ સ્ટેશન ની કામગીરી ને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ચાર્જિંગ સ્ટેશનો ઈન્સ્ટોલ તથા ૧૦ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ સાથેનો કોન્ટ્રાક્ટ ખાનગી ઈજારદારને સોંપી દીધો છે અને ચાર્જીંગ સ્ટેશન પર થનારી આવક પાલિકાને મળશે.

સુરતમાં ઈ વ્હીકલ ને પ્રોત્સાહન આપવા માટે પોલિસી બનાવવામાં આવી છે અને પાલિકાએ શહેરમાં ૫૦ ચાર્જીંગ સ્ટેશન બનાવવાની જાહેરાત કરી છે. આ માટે કામગીરી પણ શરૂ કરી દીધી છે. પાલિકાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે ૨૫ ફાસ્ટ ઈલેક્ટ્રીક ચાર્જિંગ સ્ટેશનનું લોકાર્પણ માટે મન બનાવી લીધું છે અને તેના માટેની મોટાભાગની કામગીરી પૂરી કરી દીધી છે. પાલિકએ પ્રથમ ફેઝમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૫ ફાસ્ટ પબ્લિક ચાર્જિંગ સ્ટેશનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તથા બીજા ફેઝમાં પણ તાજેતરમાં અન્ય ૨૫ સ્ટેશનો બનાવવા તથા ૧૦ વર્ષના ઓપરેશન મેન્ટેનન્સ સહિતનો કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો છે..

### ૬ મહિના પછી કાર્યવાહી

# સુરતમાં SMCમાં ૬ મહિના પહેલા ધમાલ મચાવનાર AAPના ૬ કોર્પોરેટરની ધરપકડ બાદ જામીન પર છૂટકારો




સુરતઃ સુરત મહાનગરપાલિકાની કચેરીના મેઈન ગેટ અને બીજા માળે કોન્ફરન્સ રૂમ પાસે આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોએ ભારે હોબાળો બચાવ્યો હતો. ઓનલાઈન બજેટ સભા અને પાણીના બિલ મામલે ભાજપ શાસકોના નિર્ણયના સામે સવાલો ઉભા કરી ભારે વિરોધ કર્યો હતો. બનાવને પગલે લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ૬ મહિના બાદ ૬ કોર્પોરેટરોની ધરપકડ કરી બાદમાં જામીન પર મુક્ત કર્યા હતા.

લાલગેટ પોલીસે છ મહિનાથી બાકી બોલાતી કાર્યવાહી પૂર્ણ કરી

ગત ૩ માર્ચના રોજ સુરત મહાનગપાલિકાની કચેરીના મેઈન ગેટ અને બીજા માળે કોન્ફરન્સ રૂમ પાસે ઓનલાઈન બજેટ સભા, પાણીના બિલ મામલે ભાજપ શાસકોના નિર્ણયનો આમ આદમી પાર્ટી દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો અને કાર્યકરો દ્વારા ટોળું ભેગું કરી વિરોધ કરી ભારે ધમાલ મચાવવામાં આવી હતી. જેને લઈ આપના ૩૦ કોર્પોરેટર-કાર્યકરો વિરુદ્ધ ફરજમાં અવરોધ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમનો ભંગ કર્યાની ફરિયાદ લાલગેટ પોલીસ મથકમાં નોંધાઈ હતી. આ મામલે પોલીસે જે-તે સમયે ૨૮ની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે મંગળવારે મોડી સાંજે વધુ છની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

છ મહિના બાદ ૬ કોર્પોરેટરની ધરપકડ

ઘટનાને પગલે લાલગેટ પોલીસે બાકી રહેલા આપના છ કોર્પોરેટર પાયલ કિશોરભાઈ સાકરીયા, રાજેશભાઈ રાધવભાઈ મોરડીયા, શોભનાબેન કિરીટભાઈ કેવડીયા, જીતેન્દ્રભાઈ પાંચાભાઈ કાછડીયા, રચના અંકુરભાઈ હીરપુરા અને દિપ્તીબેન શૈલેષભાઈ સાકરીયાની ધરપકડ કરી હતી. લાલગેટ પોલીસે બાકી રહેલા તમામની સામે કાર્યવાહી કરી પોલીસ ચોપડે ધરપકડ કર્યા હતા. જોકે ગુનો જામીનપાત્ર હોવાથી તમામ કોર્પોરેટરોને બે કલાકમાં જામીન પર મુક્ત કર્યા હતા.

### વિરોધને પગલે મોડી રાત થી વહેલી સવાર સુધી

# તાપી નદીમાં દૂધ ઠલવાયાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ



સુરતઃ ઢોર નિયંત્રણ કાયદો રદ કરવાની સાથે અન્ય માંગ સાથે ગુજરાતી માલધારી મહાપંચાયતે આજે દૂધ વેચાણ બંધનું એલાન આપ્યું છે જેને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. જોકે ગત રાત્રીએ દૂધ લેવા માટે ડેરી ઉપર થયેલા ઘસારા બાદ મોડી રાત્રે અસામાજિક તત્વો દ્વારા ચોક, ડભોલી, જહાંગીરપુરા વિસ્તારમાં દૂધ કે દૂધની થેલીઓ તાપી નદીમાં દ્વારા નાંખી દેવાના વિડીયો વાયરલ થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી માલધારી સમાજ વિવિધ મુદ્દાને લઈને સરકારની સામે લડત આપી રહ્યો છે. રાજ્યના મોટેભાગના શહેરોમાં માલધારી સમાજ ડેરીમાં દૂધ ન ભરવા અને બુધવારે દૂધનું વેચાણ નહીં કરવા મક્કમ થયો હતો. જેને લઈને ગત રાત સુધી સુરતમાં દૂધ લેવા માટે ડેરીઓ પર લોકોનો ઘસારો જોવા મળ્યો હતો. પરંતુ મોડી રાત્રે સોશિયલ મીડિયામાં દૂધ અને દૂધની થેલીઓ તાપી નદીમાં ઢોળી દેવાના કેટલાક વિડીયો વાયરલ થયા છે. જેમાં એક તરફ સુરતના ડભોલી,જહાંગીરપુરા બ્રિજપરથી દૂધ તાપી નદીમાં ઢોળવામાં આવ્યું હોવાનો વીડિયો હોવાનું કહેવાઈ રહ્યું છે તો બીજી તરફ વહેલી સવારે કેનમાંથી તાપી નદીમાં દૂધ વહાવી દેવામાં આવ્યું હોવાનો પણ વીડિયો છે. આ સાથે જ મોડી રાત્રે અસામાજિક તત્વો દ્વારા ચોકબજાર તાપી નદી પર સુમુલના ટેમ્પા અટકાવીને ટેમ્પામાં ભરેલી દૂધની તમામ કોથળીઓને તાપી નદીમાં ફેંકી દેવાનો બીજો પણ હાલ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

# મોંઘી સાયકલની ચોરી કરતો તસ્કર CCTV કેદ

સુરતઃ સુરત સુમુલ ડેરી રોડ પર આવેલ શ્રદ્ધા સોસાયટીમાંથી સાયકલ ચોરીનો કિસ્સો સામે આવ્યો છે. ઉંચી કિંમતે ખરીદેલી આ સાયકલ ચોર સોસાયટીના પાંર્કિંગમાંથી ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે અને સીસીટીવીમાં ચોર બિન્દાસ પણે ધોળે દિવસે સાયકલ ચોરી કરી લઈ જતો દેખાઈ આવ્યો હતો. ઘટનાને પગલે કતારગામ પોલીસ મથકમાં જાણ કરાતા પોલીસે ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરી છે. ચોર બાઈક છોડી હાઈટેક સાયકલ ચોરી કરવા લાગ્યા

હાલ મોટરસાયકલ અને ઈલેક્ટ્રીક વ્હીકલની સાથે ફરી એક વખત સાયકલ ક્રેઝ વધ્યો છે. ઉંચી અને મોંઘી કિંમતની સાઈકલો ખરીદવામાં આવી રહી છે અને આવી જ મોંઘી સાયકલ ચોરી થવાના કિસ્સાઓ પણ સામે આવવા લાગ્યા છે. હવે ચોર આવી સાયકલોને પોતાનું નિશાન બનાવી રહી છે. આવો જ એક કિસ્સો સુરતના સુમુલ ડેરી રોડ વિસ્તારમાંથી સામે આવ્યો છે. સુમુલ ડેરી રોડ પર આવેલ શ્રદ્ધા સોસાયટીમાંથી મોંઘી કિંમતની સાયકલ પાંર્કિંગમાંથી ચોર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ધોળા દિવસે ચોર બિન્દાસપણે સોસાયટીમાં પ્રવેશ કરે છે. અને પાંર્કિંગમાં રહેલી સાયકલને ચોરી કરી ફરાર થઈ જાય છે. ચોરની સમગ્ર હરકત સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પોલીસે સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે. વધતા પેટ્રોલ ડીઝલના ભાવ અને મોંઘી થતી વીજળીની સામે ફરી એક વખત સાયકલનો ક્રેઝ વધી રહ્યો છે. પહેલા જરૂરિયાતમંદ લોકો સાયકલ લેતા હતા.પરંતુ હવે શોખ માટે પણ સાયકલનો ઉપયોગ કરવામાં આવે છે.

# સુમુલ વાહન સાથે પોલીસ પાયલોટીંગ કરી શહેરના દરેક ખૂણામાં ૧૩ લાખ લીટર દૂધ વિતરણ કરાયું



સુરતઃ ઢોર નિયંત્રણ કાયદો રદ કરવાની માંગ સાથે માલધારી મહાપંચાયતે દૂધ વેચાણ બંધનું આપેલ એલાન વચ્ચે સુમુલ ડેરી દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મળસ્કે ૨ વાગ્યાથી ૧૯૫ વાહનોમાં શહેર ના ખૂણે ખૂણે ૧૩ લાખ લીટર કરતા વધુ દૂધ સપ્લાય કર્યું છે સુરત શહેરમાં મંગળવારની રાત્રી થી જ દૂધ મળશે નહિ તેમ માનીને શહેરીજનોએ દૂધ લેવા માટે લાઇન લગાવી દીધી હતી. તો બીજી તરફ સુમુલના કેટલાક વાહનોને નુકસાન પહોંચાડતા સાવધાન થઈ ગયા હતા.જિલ્લા કલેક્ટર આયુષ ઓકેને રજૂઆત કરતા પોલીસ કમિ'ર અને એસ.પી ને. પોલીસ બંદોબસ્ત સાથે દૂધ વિતરણ કરવાની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. દરમ્યાન સુમુલ દ્વારા દરરોજ મળશ્કે બે વાગ્યા થી સુરત શહેરમાં દૂધ સપ્લાય થાય છે. આથી રાત્રી થી જ પોલીસ બંદોબસ્ત ગોઠવાઈ ગયો હતો. સુમુલ દ્વારા દરરોજ ૧૯૫ થી વધુ વાહનોમાં સુરત શહેરના દરેક ખૂણે દૂધ સપ્લાય થાય છે. રાત્રી થી જ દરેક ૧૯૫ દૂધ વાહનો સાથે એક પોલીસ જીપ પાયલોટીંગ સાથે રવાના કરાઈ હતી. સુમુલના અધિકારી મનીષ ભટ્ટના જણાવ્યા મુજબ આજે ૧૩ લાખ લીટર થી વધુ દૂધનું વિતરણ થયું છે. મારી ૧૯૫ ગાડીમાં સુરત શહેરના દરેક વિસ્તારમાં આવેલા ૩૫૦૦ આઉટલેટ માંથી ૨૮૦૦ માં દૂધ વિતરણ થયું હતું.કોઈ જગ્યા એ તોડફોડ થવાના બનાવ બન્યા નથી સુમુલ દ્વારા પોલીસ અધિકારીઓના સહયોગથી સારી રીતે દૂધ દરેક વિસ્તારમાં પહોચ્યું છે. અને હવે બપોરે જનારી ગાડી માટે પણ પોલીસ બંદોબસ્ત આવી ગયો છે.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR : UTTAM NARAYAN BIRHADE, PRINTED AT TAPTILOK PUBLICATION, 152,153, SHRIRAM INDUSTRIAL ESTATE, PANDESARA. SURAT (GUJARAT)
PUBLICATION PLACE : 286-GUJARAT HOUSING BOARD, EKTANAGAR, OPP. CHANDRALOK SOCIETY, PARVAT GAM, SURAT-395010 (GUJ.) (SUBJECT TO SURAT JURISDICTION)